# ઈશ્વરમાં વિશ્વાસ રાખનાર એક આંધળા માણસને ઈસુએ દેખતો કર્યો.

**પ્રાર્થના :** વહાલ ઈશ્વર, બાર્તિમાયની જેમ તમારા ઉપર વિશ્વાસ મૂકવા અમારી સહાય કરો. પાપની માફી અને સાજાપણું આપનાર તમારી શક્તિમાં મજબૂત વિશ્વાસ મૂકવા અમારી સહાય કરો.

**માર્ક ૧૦ : ૪૬-૫૨** માંથી એક વિશ્વાસી આંધળા માણસને ઈસુએ કેવી રીતે દેખતો કર્યો તે જાણો આ વાર્તા કહેતા પહેલા ઈસુએ બર્તિમાયને કેવી રીતે દેખતો કર્યો તે સાંભળવા અને ખોળવા વાર્તા કહ્યા પછી બાળકોને સવાલો પૂછો. ઈસુ આવે છે તે જાણ્યા બાદ બર્તિમાયે શું કર્યુ ?

- બર્તિમાયની આસપાસના લોકો એ તેને શુ કહ્યુ ?
- બાર્તિમાયને બોલાવતા સાંભળી ઈસુએ શું કર્યુ ?
- બાર્તિમાયને ઈસુએ શું પૂછ્યુ ?
- ઈસુએ બાર્તિમાયને કેમ દેખતો કર્યો ?

**પ્રવૃતિ :** અમુક બાળકોને બર્તિમાયની જેમ અભિનય કરવા તેમને કહો. **પૂછો**

- આ કેવું લાગે છે ?
- બીજા બાળકો બાર્તિમાયની આસપાસના લોકોનો અભિનય કરે બર્તિમાયને ચુપ રહેવા માટે તેઓ તેને શું કરવાનું માટે કહેશે ?(જવાબ તેઓ આમ કહે, ઈસુ ઘણા જ કામમાં છે તને ઈસુ ઓળખતા નથી તારો અંધાપો તારા પોતાના પાપની સજા છે ઈસુને તારી અગત્યતા નથી આવી વાતો કરનાર લોકોને તમે કેવો જવાબો આપો તે વિચારો.)

ઈસુએ બાર્તિમાયને દેખતો કર્યો માર્ક ૧૦ : ૪૬-૫૨ નું **નાટક ભજવો.**

- **સભાસદો અથવા મોટા બાળકો** ઈસુ, બર્તિમાય અને કથાકારના પાત્રો ભજવે. બર્તિમાય જુનો ઝભ્ભો પહેરે છે (જુનું ચીથરૂ) આંખો બંધ કરી સૌથી પહેલો બેઠો છે.
- **નાના બાળકો શિષ્યો** અને **લોકો**ના પાત્રો ભજવે

**ઉદ્‌ઘોષક** : માર્ક ૧૦ : ૪૬-૫૨ વાંચે

**લોકો** : ચુપ રહે ! તે મોટા માણસને હેરાન ન કર ઈસુ જે કહે છે તે અમારે સાભળવું છે.

**બાર્તિમાય** : દાઊદના દીકરા મારા પર દયા કર.

**ઈસુ** : થોભો ! (ઈસુ અન લોકો ચાલતા અટકે છે) બોલે છે, તેને અહી બોલાવો

**લોકો** : હિંમત રાખ ઊભો થા તે તને બોલાવે છે (હાથ પકડી તેને ઈસુ તરફ દોરે છે બાર્તિમાય તેનો જુનો ઝભ્ભો નીચે ફેંકી દે છે).

**ઈસુ** : હું તારા માટે શું કરુ ?

**બર્તિમાય** : સ્વામી,હું દેખતો થાઉં.

**ઈસુ** : (તેની આંખોને અડીને ) બોલે જા, તારા વિશ્વાસે તને બચાવ્યો છે.

**ઉદ્‌ઘોષક** : એકદમ તે તેની દષ્ટિ પાછી મેળવે છે અને રસ્તા પર ઈસુની પાછળ જાય છે.
નાટકમાં મદદ કરવા માટે દરેકનો આભાર.

મંડળી ના આગેવાન સાથે બાળકો માટે વ્યવસ્થા કરો ભજનસેવામાં સભાસદો સમક્ષ નાટક રજુ કરવા.

આ અભ્યાસની શરૂઆત માં આવેલા સવાલો સભ્યોને પૂછો.

કાવ્ય અથવા બીજું કાંઈપણ તેઓએ તેયાર કર્યુ હોય તે રજુ કરે.

- આંધળાનુ **ચિત્ર દોરો** (માથાનું ચિત્ર ખરાબ દેખાય તો આખો માણસ દોરો)

- મોટા બાળકો નાનાને મદદ કરે.
- ઈસુની શકિતમાં વિશ્વાસન હોય તો આપણા જીવનો કેવાં હોય છે તે બતાવવા આંખો બંધ હોય તેવા ચહેરાનું ચિત્ર દોરો.
- તેઓએ દોરેલા ચિત્રો સભાસદોને બતાવી તેનો અર્થ સમજાશે.



**કાવ્ય : યશાયા ૫૩ :** ૪ અને ૫ બે બાળકો યાદ કરી દરેક એક બોલી જાય.

ખચીત તેણે આપણા દરદ માથે લીધા છે ને આપણા દુ:ખ વેઠયા છે
પણ આપણે તો તેને હણાયેલો દેવથી માર પામેલો તથા પીડીત થયેલો માન્યો
પણ આપણા અપરાધોને લીધે તે વિંધાયો,
આપણા પાપોને લીધે તે કચડાયો આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ
તેના સોળથી આપણને સાજાપણુ મળ્યુ છે.

**મોટા બાળકો** કાવ્ય,ગીત અથવા ટૂકી વાર્તા લખે અથવા ઈસુ કેવી રીતે લોકોને આજે પણ સાજા કરે છે તેવા બનાવ બને છે તેની સાક્ષી દાખલા સાથે આપે.

**લુક ૧૧:૯** મુખપાઠ કરો.

**પ્રાર્થના :** પ્રિય પ્રભુ, તમે જે કહેશો તે સાંભળવા અને માનવા માટે અમારી આત્મિક આંખો અને કાનો ઉઘાડયા તે બદલ તમારો આભાર માનીએ છીએ અમને સાજાપણું આપી પાપથી છોડાવવા તમે સર્વસમર્થ છો તે માટે તમારી સ્તુતિ કરીએ છીએ બાર્તિમાયની જેમ અમે પણ તમારી શકિત પર વિશ્વાસ રાખી તમને મદદ કરવા બોલાવતા રહીએ તે માટે અમને મદદ કરો.

Copyright © 2004 by Paul Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net